

શ્રીસ્વામિનારાયણ મંદિર

કારેલીબાગ, વડોદરાથી પ્રકાશિત મેગેઝિન

# સત્સંગ સેવક

જૂન-૨૦૨૫



શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત

# સત્સંગ સેવક

જૂન, ૨૦૨૫



ચંદનના વાઘામાં શોભતા
શ્રીઘનશ્યામ મહારાજ, કારેલીબાગ-વડોદરા





: આશીર્વાદ :

પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ



: પ્રેરક :

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી
સ્વામી-કુંડળધામ

# સત્સંગ સેવક


પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ
વડોદરા-૧૮, મો.નં. ૯૬૦૧૨ ૯૦૦૦૫/૬

પ્રકાશન તિથિ : સં.૨૦૮૧ જેઠ સુદ-૧૦, તા.૦૫/૦૬/૨૦૨૫ ગુરુવાર

www.swaminarayanbhagwan.org
satsangsevak@kundaldham.org

9601290051 swaminarayan
swaminarayanbhagwan


## અનુક્રમણિકા


3 નવું શીખતા રહો
- પ.પૂ.શ્રીગુરુજી

4 હાલો મહારાજ...!
- પ.પૂ.શ્રીગુરુજી

6 પ્રભુપ્રેમ વધારવો છે ?
- સાધુ ઈશ્વરચરણદાસ

8 એક મત
- સાધુ કૃષ્ણપ્રિયદાસ

9 વર્તમાનમાં જીવો
- સાધુ અનાદિસ્વરૂપદાસ

10 એ...માખીઓ ઉડાડતા રહેજ્યો...
- સાધુ સાકારસ્વરૂપદાસ

12 હિસાબ ચૂકતે કર્યો
- સાધુ પ્રસન્નવદનદાસ

14 સત્સંગ સમાચાર

22 ચંદન વાઘા દર્શન


## સત્સંગ સુધા

ધ્યેય ઉપર ધ્યાન આપો, તો જ ધ્યેયને પમાય;
ધ્યેયને ભૂલી જાવ તો, જ્ઞાન મળે નહિ કાંય...૦૧

ધ્યેય ભૂલી જવા જેવું, કોઈ નથી નુકસાન;
ધ્યેય ભૂલી જાય તે, કાંઈ જ ન પામે જ્ઞાન...૦૨

## કાવ્યકૃપા

# નવું શીખતા રહો

સતત નવું શીખતા રહો, આવડત વધારો જ્ઞાન;
સફળતાની એ જ છે, શ્રેષ્ઠ ચાવી નિદાન...૦૧

જ્ઞાન બળિયાના બે ભાગ, પે'લા કહેવાતું એમ;
હવે નોલેજ ઈઝ પાવર, સમજતા નથી કેમ ?...૦૨

વ્યક્તિ દેહને કારણે, ગણાતો'તો બળવાન;
પણ હવે બુદ્ધિ જ બળ છે, માટે શીખજો જ્ઞાન...૦૩

રાત દિ' જીવ બહુ મથે છે, જગમાં અપરંપાર;
પણ શાંતિથી કરતા નથી, ઊંડો જ્ઞાન વિચાર...૦૪

જ્ઞાન બુદ્ધિ વગર બધા, પામે છે બહુ દુઃખ;
ભણેલ ગણેલ બુદ્ધિવાળા, પામે છે બહુ સુખ...૦૫

રચયિતા : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ
તા. ૨૧/૧૨/૨૦૨૪, કુંડળધામ



કથામૃતમ્

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ તા.૦૭/૦૯/૨૦૨૩ ને ગુરુવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામમાં કરેલ મનનીય પ્રવચન

# હાલો મહારાજ...!

- પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ



**શ્રીહરિ સદા મારી સાથે છે, એમના આધારે જ હું છું, એમને લઈને જ હું છું, એમનો પ્રકાશ્યો હું પ્રકાશું છું, એમણે આપેલી શક્તિથી મને મારા કર્તૃત્વની પ્રતીતિ થઈ રહી છે. ભગવાનના સંબંધને નિરંતર રાખવા માટે આ વાતની દૃઢતા કરવી ખૂબ જરૂરી છે.** એના ઉપર ભગવાનનો અખંડ સંબંધ રાખનાર એક ભક્તની અદ્‌ભુત વાત છે.

એક નાનકડા ગામમાં મહેશભાઈ નામે એક શિક્ષક હતા. નાના એવા કુટુંબમાં એમનાં ધર્મપત્ની અને એક નાની દીકરી હતી. એમને સત્સંગ નહોતો. સમય જતાં પત્નીને ભયંકર બીમારી થઈ. ઘણી દવા કરવા છતાં તે બચી ન શક્યાં. શિક્ષક ઉપર અણધારી આફત આવી પડી. એમની ઉંમર હજી નાની અને દીકરી પણ નાની હતી, એટલે દીકરીના ઉછેર માટે પોતે ફરી લગ્ન કરવા, બીજી પત્ની શોધતા હતા.

એ અરસામાં એ ગામમાં ભગવાન સ્વામિનારાયણના સંતો પધાર્યા. શિક્ષકના હૃદયમાં જબરો આઘાત હતો, તેથી એમના મિત્ર સાથે સત્સંગ કરવા ગયા. સંતોએ કથામાં 'આ સંસાર નાશવંત છે, પરમાત્મા જ પરમ સત્ય છે, આ જન્મ ભગવાનને પામવા માટે છે.' આવી અનેક વાતો કરી. આ ઉપરાંત,

**સજની ટાણું આવ્યું રે ભવજળ તરવાનું...**

આ કીર્તન ઉપર ખૂબ વાતો કરી. કીર્તનના શબ્દે શબ્દે શિક્ષકનાં રૂવાડાં ધ્રૂજવાં માંડ્યાં. આ પદના શબ્દોની શારડી મહેશભાઈના હૃદયમાં ચાલી. પત્ની મરી ગઈ એનું દુઃખ તો ક્યાંય ગાયબ થઈ ગયું. મનમાં એમ થયું કે, 'એ ગઈ તો સાથે કાંઈ નથી લઈ ગઈ. હું મરી જઈશ તો શું સાથે આવશે ? માટે મારે હવે સત્સંગ કરીને ભગવાન પામવા છે. હવે સંસારના ખાડામાં ફરીવાર પડવું નથી. ભજન કરીને છેલ્લો જન્મ કરી લેવો છે,' એવો પાકો ઠરાવ કર્યો.

કથા પૂરી થતાં પેલા મિત્રને સાથે લઈને સંતો પાસે આવી હાથ જોડ્યા. સ્વામીએ એમની બધી હકીકત સાંભળી. પછી કહે, 'સ્વામીજી, મને ભગત બનાવો, કંઠી બાંધો.' પછી સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થયા અને રોજ પવિત્ર સંતોના મુખથી ભગવાનની કથા-વાર્તા સાંભળવા માંડ્યા. સંતસમાગમ ને સેવા-ભક્તિ તેમનું જીવન બની ગયાં.

એકવાર સંતોએ દરેક ક્રિયામાં ભગવાનને સંભારવાની, ભગવાનને સાથે રાખવાની વાતો કરી. અને નિયમ આપ્યો કે, **'ભગવાનને સાથે ને સાથે રાખજો.'** ભગવાનને સદા સાથે રાખવાની આ વાત મહેશભાઈને ખૂબ અસર કરી ગઈ. એવી લટક લાગી ગઈ કે દરેક કાર્યમાં 'હાલો મહારાજ સ્કૂલે જઈએ ! હાલો મહારાજ જમી લઈએ ! હાલો મહારાજ સૂઈ જઈએ !' આમ ટેવ પડી ગઈ.

આ તરફ એમની દીકરી ઉંમરલાયક થતાં યોગ્ય વર શોધી પરણાવી. દીકરીને વળાવતી વખતે કહ્યું કે, 'બેટા ! ભગવાન તને સુખી રાખે. સાસરિયામાં સૌનું સહન કરજે. જો શક્ય હોય તો તારા સાંસારિક જીવનના પ્રસંગો તું તારી મેળે ઉકેલજે. એમાં મારી હાજરીની અપેક્ષા ન રાખીશ. હવે મને ભગવાન ભજવા દેજે. હવે મારા જીવનમાં તારા તરફથી કોઈ વિક્ષેપ ન આવે એવું હું ઈચ્છું છું.' બાપની વાત દીકરી સારી રીતે સમજતી હતી, તેથી સંમત થઈ. દીકરીને આંખમાં આંસુ સાથે વિદાય આપી.

દીકરી સાસરિયાંમાં સુખી છે. સાસરિયાંમાં લગ્ન-મરણ જેવા કાંઈક ને કાંઈક પ્રસંગો આવે, એટલે સાસરિયાં કહે કે, 'તમારા બાપાને બોલાવો.' એ લોકો કાગળ લખે પણ મહેશભાઈ જાય નહીં. દીકરી એના બાપને કાંઈ કહે પણ નહિ ને ગમ ખાઈ જાય. એમ કરતાં દીકરીના સીમંતનો પ્રસંગ આવ્યો. એ લોકોએ કહ્યું કે, 'માસ્તરે આ પ્રસંગે તો આવવું જોઈએ. સીમંતના પ્રસંગે તારું બધું અમે જ કરવાના છીએ, તો તારા બાપાને બે દી આવવામાં શું જાય છે ?'

દીકરીની આંખમાંથી દડદડ આંસુ પડવા લાગ્યાં. તેને વિદાય વેળાનાં એના બાપનાં આંખમાં આંસુ સાથેનાં વચનો યાદ આવ્યાં; પરંતુ આ બાજુ મહેણાંનો વરસાદ થઈ રહ્યો હતો. પછી દીકરીએ થાકીને બધી પરિસ્થિતિ વર્ણવતો પત્ર બાપને લખ્યો કે, 'પિતાજી, એક આંટો આવી જાવ તો સારું. મારે તમને કહેવાય તો નહિ, પણ મને અહીં ખૂબ સંભળાવે છે.' દીકરીનો કાગળ વાંચીને બાપનું હૃદય દ્રવી ગયું અને દીકરીને પત્ર લખ્યો કે, 'હું આ તારીખે, આ ટ્રેનમાં આવું છું. તારું ગામ સ્ટેશનથી દૂર છે, માટે મને લેવા સ્ટેશને આવજે.' પિતાનો પત્ર મળતાં એના આનંદનો કોઈ પાર ન રહ્યો.

આ તરફ મહેશભાઈ ટ્રેનમાં બેસી દીકરીના ગામ પહોંચ્યા. પોતાના નિયમ મુજબ તેઓ હર ક્રિયામાં મહારાજને સાથે રાખતા. તેથી તેઓ ટ્રેનમાંથી ઊતરતાં બોલ્યા કે, 'હાલો મહારાજ ટ્રેનમાંથી નીચે ઊતરીએ.' દીકરી હજુ આવી નહોતી, તેથી 'હાલો મહારાજ આ બાકડા ઉપર બેસીએ,' એમ બોલીને ત્યાં બેઠા. થોડી જ વારમાં દીકરી અને જમાઈ આવ્યાં. દીકરીને જોઈ માસ્તર ભાવવિભોર થઈ એની સાથે ચાલતા થયા. બે દિવસ એના ઘરે રહી પ્રસંગ સાચવી લીધો.

પછી રજા લઈને મહેશભાઈ રેલ્વે સ્ટેશન પહોંચ્યા. ટ્રેનને આવવામાં થોડીક વાર હતી, તેથી તેઓ આવ્યા ત્યારે જે બાકડા ઉપર બેઠા હતા એ જ બાકડા ઉપર આવીને બેઠા. ત્યાં બાજુમાં એક વ્યક્તિને બેઠેલી જોઈ, એટલે શિક્ષકે એની સાથે વાર્તાલાપ કરતાં પૂછ્યું કે, 'તમારે ક્યાં રહેવું ?' તો કહે, 'તમે રહો ત્યાં !' 'તમારે ક્યાં જાવું ?' તો કહે, 'તમે જાઓ છો ત્યાં !' 'એટલે, તમે મારા ગામ આવો છો ? તમે મારા ગામમાં રહો છો ?' તો કહે, 'હા !' 'તમે કઈ જગ્યાએ રહો છો ?' શિક્ષક જે શેરીમાં રહેતા હતા એ શેરીનું એમણે નામ લીધું. અતિ આશ્ચર્ય થવાથી શિક્ષક આગળ પૂછવા લાગ્યા કે, 'આપણે બંને એક શેરીમાં ?' તો કહે, 'હા.' 'તો હું તમને કેમ ઓળખતો નથી ? તમારું નામ જણાવશો ?'

ત્યારે તેમણે કહ્યું,' તમે આવ્યા ત્યારે ટ્રેનમાંથી ઊતરી, આપણે બેય અહીં બેઠા. પછી તમારી દીકરીને જોઈને તમે મને ભૂલી ગયા અને દીકરી સાથે જતા રહ્યા. 'હાલો મહારાજ ! મારી સાથે,' એમ ન કહ્યું, એટલે ત્યારથી હું તમારી રાહ જોઈને ભૂખ્યો-તરસ્યો અહીં બેઠો છું !' આ સાંભળીને મહેશભાઈની આંખમાંથી શ્રાવણ-ભાદરવો ચાલુ થયો. મહારાજના પગ પકડીને કહે, 'મહારાજ ! બે દિવસથી તમે અહીં ભૂખ્યા-તરસ્યા બેઠા છો ? મહારાજ ભૂલ થઈ, ભૂલ થઈ. હે મહારાજ ! માફ કરો, મારા બાપ ! માફ કરો. મેં મારા જીવનમાં બહુ મોટી ભૂલ કરી. હવે પ્રભુ ક્યારેય આવી ભૂલ નહિ કરું, ક્યારેય નહીં.'

રેલ્વે સ્ટેશન ઉપર ભક્તની અને ભગવાનની આ અદ્ભુત કરુણ કથા કોઈ જાણતું નથી. ભક્તે બહુ માફી માંગી, તેથી ભગવાન રાજી થઈ ભેટી પડ્યા. પછી ભક્ત કહે, 'હાલો મહારાજ ! આપણે ગામ.' પછી ટ્રેનમાં બેસીને પાછા આવ્યા.

વહાલા ભક્તો ! આપણે કેવું જીવીએ છીએ ? ભગવાન સાથે કેવો સંબંધ રાખીએ છીએ ? કેવો પ્રેમ રાખીએ છીએ ? પ્રભુને કેવા માનીએ છીએ ? કેટલા સાથે રાખીએ છીએ ? પ્રભુ સાથે આપણે કેટલા રહીએ છીએ ? કે બીજાને આપણે સાથે રાખીને એમની સાથે રહીએ છીએ ?

આપણા વહાલા મહારાજ આપણને પ્રેમ આપવા, આપણી ભક્તિને વશ થઈ હરપળ આપણી સાથે રહેવા તૈયાર જ છે; પરંતુ ઊંડું તપાસીએ તો આપણે જ આપણા ભગવાનની સાથે રહેવા કે ભગવાનને અખંડ સાથે રાખવા દિલથી તીવ્ર ઈશકવાળા હોતા નથી, તૈયાર હોતા નથી.

# પ્રભુપ્રેમ વધારવો છે ?

લેખક : સાધુ ઈશ્વરચરણદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



પ્રભુપ્રેમ એટલે પ્રભુમાં થતી પ્રીતિ અને પ્રભુને આપણા ઉપર થતી પ્રસન્નતા. આપણે ભગવદ્ભક્ત છીએ એટલે આપણને પ્રભુમાં પ્રેમ થાય અને પ્રભુને આપણા પર પ્રસન્નતા થાય એ આપણું પરમ લક્ષ્ય છે.

આવો પ્રભુપ્રેમ આપણે પ્રાપ્ત કરવો હોય તો શું શું કરવું જરૂરી છે ? તે આપણે હવે જોઈએ.

*** પ્રભુપ્રેમના ઉપાય :**

**૧. ભગવદ્ભક્તિનો પ્રથમ ઉપાય છે - સંબંધ જોડવો.**

હે પ્રભુ ! હું આપનો છું, તમે મારા છો. જેમ મા-દીકરો, પિતા-પુત્રી કે પતિ-પત્નીને સહજ જ સ્નેહ થાય છે; તેમ શ્રીહરિ સાથે મનપસંદ કોઈક સંબંધ જોડી દેવાથી સરળતાથી સ્નેહ સાંપડે છે. ગોપીઓ પ્રભુને પતિ માનતી હતી. અર્જુન અને દ્રૌપદી શ્રીકૃષ્ણને સખા માનતાં હતાં. દાદા ખાચર શ્રીહરિને પિતાજી અને માલિક માનતા હતા. પ્રેમાનંદ સ્વામી પ્રભુને પ્રિયતમ માનતા. બ્રહ્માનંદ સ્વામી શ્રીહરિને સખા સમજતા. આમ, આપણે પણ કોઈ એક સંબંધ જોડી દઈએ તો સહજ સ્નેહ થવા લાગે.

**પ્રભુ-પ્રેમપ્રાપ્તિનો પ્રબળ ઉપાય છે : મહિમા સમજવો.**

जाने बीनु ना होय प्रतीति, बीनु प्रतीति होय नहि प्रीति.

શ્રીહરિને જેમ છે તેમ જાણ્યા વિના તેમાં પૂર્ણ પ્રતીતિ થાતી નથી. અનન્ય નિષ્ઠા બંધાતી નથી. એવી પ્રતીતિ આવ્યા વિના પૂર્ણ પ્રીતિ થઈ શકતી કે ટકી શકતી નથી.

જેમ પ્રજાને એવી પ્રતીતિ આવે કે અમારો રાજા સાર્વભૌમ સમ્રાટ છે અને વળી અમારું સર્વ પ્રકારે રક્ષણ-પોષણ કરવા માટે સંપૂર્ણ સક્ષમ છે, તો તેમાં પૂર્ણ પ્રેમ પ્રગટે છે. વળી તે પ્રેમ કાયમ ટકે છે. આપણા જ દેશના વડાપ્રધાન, મુખ્યમંત્રી કે સેનાપતિ હોય પણ આપણને જો તેનો વિશ્વાસ ન આવતો હોય તો તેમાં પ્રીતિ ન થાય. પરંતુ એ જ વ્યક્તિ એવું કામ કરી બતાવે કે આખી દુનિયા જોતી રહી જાય, તો આપણી છાતી ગજ-ગજ ફૂલે. આપણે તેનું ખૂબ જ ગૌરવ લઈએ. એમ પરબ્રહ્મ પરમાત્માને આપણે જેમ-જેમ યથાર્થ સમજતા જઈએ છીએ તેમ-તેમ તેમાં દિલથી પ્રેમ વધતો જાય છે.

કોઈ પણ વ્યક્તિમાં સહજ સ્નેહ થવાનાં બે કારણો છે. સંબંધ અને તેના ગુણો. આપણે તે બંને કારણોનો પ્રભુ પ્રત્યે પ્રયોગ કરીએ તો આપણને પ્રભુમાં અને પ્રભુજીને આપણામાં ખૂબ જ પ્રેમ પ્રગટે છે.

**✻ પ્રભુપ્રેમને પોષક બીજાં પણ અમુક કારણો છે.**

**૧. ઉપકાર સ્મરણ :**

જેમ મા-બાપ કે ગુરુજીએ આપણા ભલા માટે જે-જે કર્યું છે તેને ભૂલી જઈએ તો ભાવ ઘટી જાય છે, પરંતુ તેને જ્યાં સુધી યાદ રાખી સંભારતા કે કહેતા રહીએ ત્યાં સુધી સ્નેહ વધતો જ જાય છે. તેમ આપણા ઈષ્ટદેવ શ્રીહરિના અનંત ઉપકારોને કાયમ યાદ રાખવા જોઈએ. તેને કહેતા-સાંભળતા રહેવું જોઈએ, તો પ્રભુમાં આપણને અને પ્રભુને આપણામાં પણ પ્રેમ પ્રગટે છે અને વધતો રહે છે. એ માટે આપણે દરરોજ કથાશ્રવણ કે સંત સમાગમ રાખવો જોઈએ.

**૨. પુનઃ પુનઃ પ્રસંગ :**

આપણને સૌને અનુભવ છે કે સ્કૂલ-કોલેજ કે પાડોશીને નાતે જેની સાથે વારંવાર પ્રસંગ પડે તેમાં પ્રેમ થઈ જાય છે. પછી જો પ્રસંગ છૂટી જાય તો થયેલ પ્રેમ પણ ઘણી વાર ઘટી જાય છે. તેમ પ્રભુમાં પ્રેમ પ્રગટાવવા અને વધારવા માટે તેમનો સંપર્ક ચાલુ રહેવો જરૂરી છે. એટલે જ આપણે રોજ પ્રભુપૂજા, માનસી પૂજા, ધ્યાન-ભજન અને ચેષ્ટાદર્શન વગેરે કરતા રહેવું જોઈએ. આપણે ઠાકોરજીને જગાડીએ, જમાડીએ, વાઘા પહેરાવીએ, પોઢાડીએ; આવું બધું કરવાથી વારંવાર પ્રસંગ પડે છે અને તેનાથી પ્રભુમાં પ્રેમ વધે છે. પ્રભુને આપણા ઉપર પણ પ્રસન્નતા પ્રગટે છે.

**૩. નિરંતરતા :**

પ્રેમને પ્રગટાવવા માટે અને ખાસ કરીને કાયમ વધતો રાખવા માટે ઉપર જે ઉપાયો દર્શાવ્યા તેને નિરંતર ચાલુ રાખવા જરૂરી છે. થોડો સમય કર્યા બાદ જો મૂકી દઈએ તો પ્રેમ થયો હોય તે પણ ઘટી જાય છે. માટે પ્રભુપ્રેમના ઉપાયોની નિરંતરતા પણ બહુ જ જરૂરી છે. આમ, સંબંધ, મહિમા, ગુણ-ઐશ્વર્યનું જ્ઞાન, ઉપકાર, પ્રસંગ અને નિરંતરતા - આ પાંચ પ્રભુપ્રેમના ઉપાયો છે. તેને આપણે આપણા જીવનમાં અપનાવવા જોઈએ અને પ્રભુપ્રેમના અવરોધોથી ખાસ બચવું જોઈએ.

**✻ પ્રભુપ્રેમના અવરોધો કયા કયા ?**

**૧. અન્ય પ્રલોભન :**

ધન, સ્ત્રી, પુરુષ, ખાન-પાન કે માન-સન્માનનો યોગ થાય ત્યારે ભગવાનના ભક્તને પતિવ્રતા નારીની જેમ અતિ સાવધાન રહેવું જોઈએ. પતિવ્રતા નારી પોતાના પતિ સિવાય બીજું ગમે તેટલું મળે, છતાં તેમાં લોભાતી જ નથી તેને વિઘન રૂપ જાણી તેનાથી અતિ સાવચેત રહે છે. તેમ ભગવાનના ભક્તે ભગવાન સિવાયની વસ્તુ કે વ્યક્તિઓમાં આસક્તિ ન થઈ જાય તેનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. જો એમ ન રહે તો પ્રભુપ્રેમ અવરોધાઈ જાય છે.

**૨. ઈર્ષા-અસૂયા :**

બીજા કોઈ સંત-ભક્તને આપણાથી વધુ પ્રેમ કે સંતો-ભક્તોની પ્રસન્નતા પ્રાપ્ત થાય ત્યારે તેની ઈર્ષા-અસૂયાથી ખાસ બચવું જોઈએ. તે મારા પ્રભુના વહાલા છે. તેમને મારા પ્રભુએ એવા ગુણ આપ્યા છે તેનો વિરોધ તે પ્રભુનો જ વિરોધ છે. એમ માની તેમને મોટા માની લેવા જોઈએ.

**૩. અભિમાન અભાવ-અવગુણ :**

આપણામાં જે કાંઈ સારું છે તે શ્રીહરિની કૃપાથી જ પ્રાપ્ત થયેલું છે; એમ સમજી તેના અભિમાનથી ખાસ બચવું જોઈએ. બીજામાં આપણા જેવી વિશેષતા ભલે ન હોય, પરંતુ આપણામાં ન હોય તેવી તેમાં બીજી ઘણી ખાસિયતો તો હોય. તેનાથી પ્રભાવિત થવું જોઈએ અથવા તેના સદ્‌ગુણોનો મને ખ્યાલ નથી એમ માનવું જોઈએ.

જો આ બધા અવરોધોથી ન બચીએ તો આપણા ભગવદ્‌ભજનમાં જરૂર વિઘ્ન આવે છે. બીજાનો અપરાધ થતાં આપણી અધોગતિ થાય છે. અથવા પ્રભુનો પ્રેમ-પ્રસન્નતા પ્રાપ્ત કરવાને બદલે કોપના ભાજન બની જઈએ છીએ.

ઉપરોક્ત પાંચેય ઉપાયો અપનાવવા અને અવરોધોથી બચવા બે બાબત બહુ જરૂરી છે - પ્રભુપ્રેમી અને પ્રભુના પ્યારાનો પ્રસંગ તથા સેવા.

એવા સદ્‌ગુરુને મન-કર્મ-વચને સોંપાઈ જીવનભર તેમના યોગમાં રહેવું. તેમનો દિલથી સમાગમ કરતા રહેવું. વળી, તેમને જે જરૂરી હોય એવી તેમના સુખાર્થે સેવા કરતા રહેવું. સત્પુરુષની સેવા તથા પ્રસંગ આપણને પ્રભુમાં અને પ્રભુને આપણામાં પરિપૂર્ણ પ્રેમ પ્રગટાવવાનો અમોઘ ઉપાય છે.



# એક મત

લેખક : સાધુ કૃષ્ણપ્રિયદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક હતું જંગલ. તેમાં ઘણાં બધાં પશુ-પક્ષીઓ આનંદ કિલ્લોલથી રહે. કાંઈક મુશ્કેલી આવે તો બધાં ભેગા મળી ચર્ચા-વિચારણા કરે. આ જંગલમાં સસલો, સર્પ, કાચબો અને શિયાળ - આ ચાર ભાઈબંધો રહે. તેઓ તમામ પશુ-પક્ષીઓનાં મુખ્ય હતાં. તેમની વચ્ચે એક દી સંવાદ થયો. તેમાં સસલાએ પ્રશ્ન ઉઠાવ્યો કે, 'આ વન સળગે તો આપણે શું કરવું ?' ત્યારે કાચબો બોલ્યો કે, 'આ તો બહુ જ ગંભીર પ્રશ્ન કહેવાય, માટે આપણે બધાં જ પશુ-પક્ષીઓને બોલાવીને ચર્ચા-વિચારણા કરીએ. ત્યારે સર્પ બોલ્યો કે, 'કાચબાભાઈની વાત સાચી છે.'

છેવટે એક જનરલ મીટિંગ થઈ. મીટિંગમાં સસલાભાઈએ વાત મૂકી કે, 'આપણા જંગલમાં આગ લાગે તો આપણે બચવા માટે શું કરી શકાય ? તેના ઉપાયો સહુ રજૂ કરો.' તમામ પક્ષીઓએ કહ્યું કે, 'ભગવાને અમોને તો પાંખો આપી છે, માટે અમો બધાં તો ઊડી જઈશું; પણ તમો બધાં પશુઓ તમારો મત બતાવો કે, જો જંગલ સળગે તો તમારે બચવાના કેવા ઉપાયો કરી શકાય ?' સૌ પોતપોતાના વિચારો જણાવવા માંડ્યા.

સસલાએ કહ્યું : 'મારા તો સો મત છે કે હું તો બખોલમાં પેસી જઈશ.'

સર્પે કહ્યું : 'મારા તો લાખ મત છે. હું શું કામ ભાગું ? હું તો ઝાડ ઉપર ચડી જઈશ.'

કાચબાએ કહ્યું : 'મારા તો કરોડ મત છે. હું મારો રસ્તો કરી લઈશ. હું તો ધરતીમાં પેસી જઈશ.'

આ બધાના વિચારો સાંભળી શિયાળે કહ્યું : 'જુઓ ભાઈ, મારો તો એક જ મત છે કે વનમાં આગ લાગે તો વન છોડી નાસી છૂટવું. આ બાજુથી આગ લાગે તો પેલી બાજુ ભાગી જવું અને પેલી બાજુથી આગ લાગે તો આ બાજુ ભાગી જવું. ગમે તેમ ભાગી જવું, પણ જંગલમાં રહેવું નહીં.' શિયાળની આ વાત સાંભળી તેના મિત્રો બોલ્યા કે, 'આપણે શું કાયર છીએ કે આમ ભાગી જઈએ ?' સહુનો એક મત ન થતાં છેવટે મીટિંગ પૂરી થઈ.

પછી તો વનમાં એક દી ખરેખરો દવ લાગ્યો. દવથી બચવા સસલો બખોલમાં પેસી ગયો, સર્પ ઝાડ ઉપર ચડી ગયો, કાચબો ધરતીમાં ખાડો કરી અંદર પેસી ગયો અને શિયાળ તો ભાગી ગયું. દવ આખા વનમાં ફરી વળ્યો. જેટલાં પ્રાણીઓ ભાગી ગયાં તેટલાં બચી ગયાં, બાકીનાં બધાં પ્રાણીઓ શેકાઈ ગયાં. જ્યારે અગ્નિ ઓલવાઈ ગયો ત્યારે શિયાળ પોતાના ભાઈબંધની દશા જોવા આવ્યું.

તેણે દરમાં જોયું તો, સો મતવાળો સસલો સડસડી ગયેલો. ઝાડ ઉપર જોયું તો લાખ મતવાળો સર્પ લડબડી રહ્યો હતો. કરોડ મતવાળો કાચબો ધરતીમાં કડકડી ગયો હતો. આ જોઈ શિયાળ બોલ્યું :

'સો મત સડસડી, લાખ મત લડબડી, કરોડ મત કડકડી, એક મત આપડી તે ઊભે મારગે તાપડી.'

**વહાલા ભક્તો ! આપણે ભગવાન ભજવામાં એક જ મત રાખવો કે, જન્મ-મરણ, લખચોરાશીથી બચવું હોય તો દુનિયાને જે કરવું હોય તે કરે, પણ મારે તો સદ્.શ્રીગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે તેમ : "કરોડ કામ બગાડીને એક મોક્ષ કરી લેવો છે."**



# વર્તમાનમાં જીવો

લેખક : સાધુ અનાદિસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

વહાલા ભક્તો, વિચલિત મન ઘણી વાર આપણને સેવા, ભજન કે કોઈ કાર્ય વ્યવસ્થિત રીતે કરવામાં મદદ કરતું નથી. તેથી જ આપણે જે કાંઈ કરીએ છીએ તે શ્રેષ્ઠ પરિણામ આપતું નથી. આ વાતથી વાકેફ એવા એક ગુરુ તેમના શિષ્યને સેવા અને ભજન નિયમિત ને ફળદાયી થાય તે માટે જીવન જીવવાની સાચી રીત શીખવતા હતા. તેમણે શિષ્યને કહ્યું, "ખાવાના સમયે ખાવું, સૂવાના સમયે સૂવું અને કામ કરવાના સમયે કામ કરવું."

શિષ્યે કહ્યું, "બધા લોકો આવું જ કરે છે, ને હું પણ આવું કરું છું." ત્યારે ગુરુએ કહ્યું, "ના, મોટાભાગના લોકો એવું નથી કરતા. જ્યારે તેઓ જમતા હોય છે, ત્યારે અન્ય સેંકડો કાર્યો સાથે કરે છે. જ્યારે તેઓ ઊંઘે છે, ત્યારે લાખો વસ્તુઓનાં સપનાં જુએ છે; માટે તમે વર્તમાનમાં જીવવાનું કેળવો. જે સમયે જ્યાં જે કામ કરતા હો, તે સમયે મનને ત્યાં તે કામમાં પરોવેલું રાખો."

વહાલા ભક્તો, ઘણા લોકો ભૂતકાળમાં એટલા બધા સરી પડે છે કે તેનો ભૂતકાળ તેના વર્તમાનને ખાઈ જાય છે. તેઓ ભૂતકાળને બિનજરૂરી રીતે એટલો બધો વારંવાર વાગોળે છે, ભૂતકાળમાં થયેલ ભૂલોનો એટલો બધો પસ્તાવો કરે છે અને ભવિષ્યની બિનજરૂરી ચિંતા કરીને એટલા બધા ભયમાં જીવે છે કે તેમને વર્તમાન વિશે વિચારવાની કોઈ જગ્યા નથી રહેતી.

સુજ્ઞજનો કહે છે કે,

**गते शोको न कर्तव्यो भविष्यं न हि चिन्तयेत्।**
**वर्तमानेन कालेन प्रवर्तन्ते विचक्षणाः।।**

જે વીતી ગયું તેનો શોક ન કરવો, ભવિષ્યની નિરર્થક ચિંતા ન કરવી; કેમ જે, વિચક્ષણ જનો વર્તમાનમાં પ્રર્વતે છે. ભૂતકાળમાંથી તો એટલું જ શીખવાનું હોય છે કે થયેલ ભૂલ શક્ય હોય તો સુધારવી ને તેમાંથી બોધપાઠ લેવો, જેથી ફરીથી તે ભૂલ ન થાય. અને ભવિષ્યનું તો જેટલું જરૂરી હોય તેટલું આયોજન કરવું. બાકી ભૂતકાળનો પસ્તાવો કરવાથી અને ભવિષ્યની ચિંતા કરવાથી કોઈ ફાયદો થતો નથી.

આ વાત વ્યવહારમાં જેટલી ઉપયોગી છે, તેટલી જ સેવા-ભજન કરવામાં પણ ઉપયોગી છે, એટલે જ મહારાજે સારંગપુરના ૧૨મા વચનામૃતમાં કહ્યું છે કે, "જ્યાં સુધી ઇન્દ્રિયોની વૃત્તિને વિષય સન્મુખ પ્રીતિ હોય ત્યાં સુધી ભગવાનનું ધ્યાન કરવું નહિ ને જ્યારે ઇન્દ્રિયોની વૃત્તિ સ્થિર થાય ત્યારે ભગવાનનું ધ્યાન કરવું. અને જ્યારે બાહેર સ્થૂળ દેહમાં દ્રષ્ટા વર્તતો હોય ત્યારે ચોખો વિભાગ કરી રાખવો જે, જ્યારે સ્થૂળ દેહમાં વર્તવું ત્યારે સૂક્ષ્મ દેહના ઘાટ સામું તો જોવું જ નહિ અને જ્યારે અંતઃકરણ સન્મુખ જોવું ત્યારે સ્થૂળ દેહને વિસારી દેવું. અને દ્રષ્ટાને ને દૃશ્યને મધ્યે જે વિચાર છે તે વિચારે કરીને એમ સમજવું જે, 'દ્રષ્ટા ને દૃશ્ય તે અતિશય જુદાં જ છે,' એમ સમજીને દેહના ભાવ તે દેહને વિશે હોમવા અને દ્રષ્ટા જે ચૈતન્ય તેના ભાવ તે ચૈતન્યને વિશે હોમવા."

વળી સુજ્ઞજને કહ્યું છે, "Yesterday is a history. Tomorro is a mystery. Today is a gift, that is why it is called present." માટે વહાલા ભક્તો, જ્યારે જ્યારે આપણું મન ભૂતકાળમાં બિનજરૂરી ભટકવા લાગે અથવા ભવિષ્યની ખોટી ચિંતા કરવા લાગે ત્યારે તરત જ તેને વર્તમાનમાં લાવી દેવું.



# એ...માખીઓ ઉડાડતા રહેજ્યો...

લેખક : સાધુ સાકારસ્વરૂપદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

ગામ મૂળધરાઈમાં કાનજીભાઈ તથા સુંદરજીભાઈ નામે બે વણિક ભાઈ હતા. બંને ભાઈ પોતાના કાંઈક કામપ્રસંગે ગઢપુર આવેલા. તેઓ સત્સંગી ન હતા, પરંતુ સ્વામિનારાયણ ભગવાન વિશે ખૂબ વાતો સાંભળેલી તેથી ગુણભાવ હતો; એટલે મંદિરે ગોપીનાથજી મહારાજનાં દર્શન કરવા ગયા. મંદિરમાં દર્શન કરી સંતોની ધર્મશાળામાં દર્શન કરવા ગયા. ત્યાં તેમને કોઠારી ભક્તિવલ્લભદાસજી સ્વામીનો સમાગમ થયો. સ્વામીએ તેમને મહારાજ અને સંતોના મહિમાની ખૂબ વાતો કરી, એટલે તે બંને ભાઈઓએ સત્સંગી થવાનો સંકલ્પ કર્યો. તેથી કોઠારી ભક્તિવલ્લભદાસજી સ્વામી તે બંને ભાઈઓને આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ પાસે લઈ ગયા ને બંને ભાઈઓને મહારાજશ્રીના હાથે વર્તમાન ધરાવી કંઠી પહેરાવી સત્સંગી કર્યા.

પછી તે બંને ભાઈ થોડાક દિવસ ગઢપુરમાં રહીને ઘેર જવા તૈયાર થયા, એટલે કોઠારી ભક્તિવલ્લભદાસજી સ્વામીએ તેમને સત્સંગ અને કુસંગ સંબંધી થોડી વાતો કરી અને ભલામણ કરતાં કહ્યું, “તમે બંને ભાઈ ઘણા દિવસ અહીં રહીને દૂધપાક જેવું મીઠું ભોજન જમ્યા છો, માટે હવે જો  જો આ અમૃત સરખા દૂધપાકમાં માંખીઓ ન પડે !! અર્થાત્ આ સત્સંગ અમૃત સમાન છે અને કુસંગ માંખીઓ જેવો છે, માટે એ માંખીઓ ઉડાડતા રહેજ્યો.”

આમ, સ્વામીનાં હિતવચનો સાંભળી તે બંને ભાઈ રોટલા જમીને ઘેર ગયા. ઘેર આવી તેઓ સુખેથી સત્સંગ-ભજન કરતા હતા. એમાં પછેગામના કેટલાક કુસંગી બ્રાહ્મણોને ખબર પડી કે કાનજીભાઈ અને સુંદરજીભાઈ ગઢડે જઈને સત્સંગી થઈને ઘેર આવ્યા છે. આ તેમનાથી જોયું ન ગયું અને તેઓએ આ બંને ભાઈઓનો સત્સંગ મુકાવી દેવાનું નક્કી કર્યું.

એક દિવસ સવારના પહોરમાં પછેગામથી વીસેક જેટલા બ્રાહ્મણો મૂળધરાઈ આવ્યા. તે વખતે કાનજીભાઈ તથા સુંદરજીભાઈ બંને પોતાની દુકાને બેઠા બેઠા દાતણ કરતા હતા. તે સમયે વીસેય બ્રાહ્મણો તેમની દુકાને આવીને ઊભા રહ્યા. તે જોઈ કાનજી શેઠ બોલ્યા, “અહો ! ધન્ય ભાગ્ય ધન્ય ઘડી !! આપણે ગઢપુર જઈને તીર્થ કરી આવ્યા અને આજે આપણે

INDEX

ઘેર વીસ બ્રહ્મદેવ પધાર્યા ! માટે આપણાં પુણ્યનો પાર નહીં !"

આમ કહી પોતાના નોકરને બોલાવીને કહ્યું, "આપણી વખારે જઈને જગ્યા વળાવી-ચોળાવી સાફ કરાવો. પંદર શેર ઘી વગેરે સીધાનો સામાન તૈયાર કરાવો અને શુદ્ધ પાણી ભરાવો. આપણે ભૂદેવોને જમાડવા છે." તે સાંભળી બ્રાહ્મણો કહે, "કાનજી શેઠ ! પણ પહેલાં અમારી એક વાત તો સાંભળો." એમ કહી બોલ્યા, "એ તો તમો તમારા ગળામાંથી કંઠીઓ કાઢી સત્સંગ મૂકશો ત્યારે તમારું અન્ન જમશું !" એટલે કાનજી શેઠ કહે, "અરે ! એમ હોય ? અમે એવું તે શું ખોટું કર્યું છે તે કંઠી તોડવાનું કહો છો ?" ત્યારે બ્રાહ્મણો કહે, "તમો તમારા બાપદાદાનો ધર્મ મૂકીને આ નવો ધર્મ કેમ લાવ્યા ? આ નવો ધર્મ મૂકી દ્યો ને કંઠી-તિલક કાઢી નાંખો, નહિતર ઘણી ઉપાધિ થશે."



આ સાંભળી કાનજીભાઈ સુંદરજીભાઈ સામું જોઈને કહે, "અરે ભાઈ ! આપણે ગઢપુરમાં સંતો પાસે વાતો તો ઘણી સાંભળી હતી, પણ ચાલતી વખતે આપણા ગુરુ કોઠારી ભક્તિવલ્લભદાસજી સ્વામીએ વાત કરી હતી કે, "તમે દૂધપાક જેવું મીઠું ભોજન જમ્યા છો, તે હવે જો જો આ અમૃત સરખા દૂધપાકમાં માંખીઓ નો પડે !! તે આ માંખીઓ આવી." આમ કહી બંને ભાઈ જેમ જમતાં જમતાં માંખીઓ ઉડાડે તેમ હાથ હલાવવા લાગ્યા.

આ જોઈ પેલા બ્રાહ્મણો કહે, "અરે, આ શું કરો છો ?" ત્યારે બંને ભાઈ કહે, "અમો માંખીઓ ઉડાડીએ છીએ. અમે સત્સંગરૂપી અમૃત જમ્યા છીએ, ને જો આ તમારા માંખીઓરૂપ શબ્દો અંદર જાય તો અમારો અમૃત સરખો સત્સંગ ઝેર થઈ જાય. અને આ કંઠી તો માથા સાટે છે, તે નીકળે તેમ નથી. તમારે જમવું હો તો પ્રેમથી જમાડીએ નહિતર ચાલતા થાવ."

આમ કહી તેનો એક ચાકર ત્યાં હતો તેને કહ્યું કે, "આ બ્રાહ્મણોને પછેગામનો માર્ગ બતાવી આવ્ય." આ સાંભળી તે વીસેય બ્રાહ્મણો સમજી ગયા કે, આ પાકા સ્વામિનારાયણ ભગવાનના નિશ્ચયવાળા છે, તે આપણા ડોલાવ્યા ડોલે તેવા નથી. એમ ધારીને બન્ને ભાઈઓને જય સ્વામિનારાયણ કહીને પોતાને ગામ પાછા ચાલ્યા ગયા.

આમ, કાનજીભાઈ તથા સુંદરજીભાઈ જરા પણ નિશ્ચયમાંથી ડગ્યા નહીં. પછી તો તેના નાતભાઈઓએ પણ ઘણી ઉપાધિ કરી હતી, તોપણ તેઓએ આજીવન શિર સાટે સત્સંગ રાખ્યો હતો અને ગઢપુરમાં સંતો અને દેવોની ઘણી સારી સેવા કરી મહારાજનો રાજીપો લીધો હતો.

વહાલા ભક્તો ! આમ જો ભગવાન અને સંતોનો ખરેખરો નિશ્ચય હોય તો કોઈ ગમે તેમ સત્સંગનું વાંકું બોલે પણ રંચમાત્ર એના શબ્દો અડે નહીં. અને આ તો બહારના કુસંગીની વાત હતી, પરંતુ સત્સંગમાં અને આપણી આજુબાજુમાં પણ એવા કુસંગી હોય છે જે આપણને સંતો-ભક્તોના અવગુણ કહીને આપણને સત્સંગમાંથી પાછા પાડતા હોય છે; આવા કુસંગીને ઓળખી તેનાથી છેટા રહીએ, તેની વાતો ન સાંભળીએ, તેની મોબતમાં ન આવીએ તો જ આપણો સત્સંગ દૃઢ રહે. પણ જો કાનના નબળા હોઈએ તો જરૂર એ આપણને સત્સંગમાંથી પાછા પાડે. માટે એવાથી સાવધાન રહેવું, એવાની વાત ક્યારેય ન માનવી ને એવાનો સંગ પણ ક્યારેય ન કરવો.




# હિસાબ ચૂકતે કર્યો

લેખક : સાધુ પ્રસન્નવદનદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

ગામ પીપલાણામાં નરસિંહ મહેતા નામે એક બ્રાહ્મણ રહેતા હતા. તેમના નાના ભાઈનું નામ નારાયણભાઈ હતું. તે નારાયણભાઈને ગામ પંચાળાના બ્રાહ્મણ લાડકીબાઈની દીકરી રૂકમૈ સાથે પરણાવ્યા હતા. લગ્ન બાદ થોડા જ સમયમાં નારાયણભાઈ ધામમાં ગયા એટલે રૂકમૈ વિધવા થયાં. ત્યારબાદ તેઓ પીપલાણા જ નરસિંહ મહેતા સાથે રહેતાં, પરંતુ નરસિંહ મહેતા તેનો ભાગ આપતા નહીં. પંચાળામાં રહેતાં રૂકમૈના મા લાડકીબાઈ પંચાળાથી મેઘપુર રહેવા ગયાં હતાં. તેથી રૂકમૈ મેઘપુરમાં તેના પિયર રહેવા ગયાં.

એક સમયને વિષે શ્રીજીમહારાજ મેઘપુર આવ્યા. ત્યારે રૂકમૈબાઈએ મહારાજને વાત કરી કે, “નરસિંહ મહેતા મારો ભાગ આપતા નથી.” ત્યારે મહારાજ કહે, “જો તે ભાગ તમે ધર્માદામાં વાપરો તો અમે બ્રાહ્મણને જમાડી દઈએ. ત્યારે રૂકમૈબાઈ કહે, “મહારાજ ! તો તો બહુ સારું, તમારે જ્યાં વાપરવા હોય ત્યાં વાપરી કાઢો. મારો ભાગ હું તમને કૃષ્ણાર્પણ કરું છું.”

પછી શ્રીજીમહારાજ પીપલાણા પધાર્યા ને નરસિંહ મહેતાને કહ્યું જે, “અમારે બ્રાહ્મણની ચોરાશી કરવી છે ને બ્રાહ્મણો જમાડવા છે. તે માટે મોદીખાનું તમારે ત્યાંથી લેશું.” ત્યારે તે કહે, “બહુ સારું મહારાજ, જેટલું જોઈએ તેટલું મંગાવજો.” પછી મહારાજે સભામાં વાત કરી જે, “અમારે મેઘપુરમાં ચોરાશી કરવી છે.” પછી મહારાજે છ મહિના સુધી મેઘપુરમાં આંબલીઓની ઘાટી છાયામાં બ્રાહ્મણોને લાડુ કરીને જમાડ્યા. ત્યારે નરસિંહ મહેતા બહુ રાજી થયા જે મહારાજે ચોરાશી કરી. તેથી આપણો વેપાર-ધંધો ઠીક ચાલ્યો ને રૂપિયા ઘણા આવશે. પછી ચોરાશી પૂર્ણ થઈ ત્યારે મહારાજે નરસિંહ મહેતાને સીધા-સામગ્રીનો હિસાબ સમજવા બોલાવ્યા. ત્યારે મહેતા પોતાની નોંધ સાથે લઈને આવ્યા. મહારાજે નોંધ જોઈને સરવાળાના આંકડા તપાસી દીધા અને અંતમાં શ્રીજીમહારાજ બોલ્યા, “આ તો ભારે મેળ મળી ગયો.” એમ કહીને મહારાજે નરસિંહ મહેતાની જય



બોલાવી, બોલો નરસિંહ મહેતાની જય. ત્યારે સહુ હરિભક્તોએ હર્ષભેર એ જયને ઝીલી લીધી. નરસિંહ મહેતાને આમાં કાંઈ સમજાયું નહીં. તેણે પૂછ્યું જે, “હે મહારાજ ! મારી જય કેમ બોલાવી ?” ત્યારે મહારાજ કહે, “તમે આ છ મહિનાની ચોરાશી કરી, તેના સન્માનમાં આ જય બોલાવી.” એમ મર્મ કરતાં મહારાજે કહ્યું. ત્યારે મહેતાએ સંકોચ સાથે કહ્યું, “મહારાજ ! મેં ક્યાં સીધું-સામાન ધર્માદામાં આપ્યું છે ? મેં તો આપને ખાતે માંડીને આપ્યું છે. હું તો પૂરા રૂપિયા લઈશ. આ ચોપડામાં જુઓ બધી યાદી છે.” ત્યારે મહારાજ કહે, “આપે કરેલ યાદીની નોંધ અમે જોઈ, પરંતુ રૂકમૈબાઈનો ભાગ તમે આપ્યો નહોતો તે ભાગ રૂકમૈબાઈએ અમને કૃષ્ણાર્પણ કર્યો છે. તેથી હિસાબ ચૂકતે થઈ ગયો. માટે અમે તમારી જય બોલાવી છે.” પછી નરસિંહ મહેતાને કાંઈ બોલવા જેવું રહ્યું નહીં. ત્યારે મહેતા બોલ્યા, “અરે ! ગજબ કર્યો, ગજબ કર્યો ! એમ કહી પોતાના દીકરાને કહે, ઊઠ ઊઠ કલ્યાણયા આ તો બલિરાજાનું સર્વસ્વ લઈ લીધું હતું તેમ આપણું પણ લઈ લીધું.” એમ કહીને પોતાના દીકરાને લઈને રીસાઈને ગયા. પછી છ મહિના સુધી મહારાજના દર્શને ન આવ્યા. શ્રીજીમહારાજે રૂકમૈબાઈનો ભાગ ધર્માદામાં વાપર્યો તેથી રૂકમૈબાઈ ખૂબ રાજી થયા અને શ્રીહરિ પણ તેના પર પ્રસન્ન થયા.

પછી ફરીથી એકવાર શ્રીજીમહારાજ પીપલાણા પધાર્યા. એ વખતે મહારાજે નરસિંહ મહેતાના દીકરા કલ્યાણજીને કહ્યું જે, “તમે મેઘપુરની ચોરાશીનો હિસાબ તથા રૂકમૈબાઈના ભાગનો હિસાબ તપાસ કરો તો હજુ અમારા પૈસા લેવાના નીકળે છે.” ત્યારે કલ્યાણજી બોલ્યો, “મારા બાપાએ ધામમાં જાતી વખતે કીધેલું કે રૂકમૈબાઈને આપવાનું હવે કાંઈ જ થતું નથી ને મેઘપરની ચોરાશીનો હિસાબ સરભર થઈ ગયો છે ને કશું જ લેવા-દેવાનું થતું નથી.” ત્યારે મહારાજ કહે, “તું સમાધિ કરીને ધામમાં જઈ આ બાબતે તારા બાપને પૂછી આવ.” ત્યારે મહારાજની કૃપાથી કલ્યાણજીને સમાધિ થઈ અને પોતાને પિતાને પૂછ્યું. ત્યારે નરસિંહ મહેતાએ કહ્યું, “કાંઈ આપવાનું થતું નથી.” પછી કલ્યાણજીએ સમાધિમાંથી જાગ્રત થઈ સર્વે હકીકત મહારાજને કહી. આ સાંભળી મહારાજ બોલ્યા, “જુઓ તો ખરા, ધામમાં બેઠા બેઠા ઘરની કેવી મમતા રાખે છે !” એમ કહીને સહુને હસાવ્યા.

વહાલા ભક્તો ! નરસિંહ મહેતા ભગવાનના ભક્ત હતા. ભગવાનને ભગવાન જાણતા હતા, છતાં લોભના કારણે તેમના નાના ભાઈ નારાયણ ધામમાં ગયા પછી તેને વહુ રુકમૈને ભાગ ન આપ્યો. ને તે ભાગ પોતે પચાવી પાડ્યો. ત્યારે મહારાજે યુક્તિ કરીને તે ભાગ સત્સંગ અર્થે વપરાવ્યો. માટે આપણે કોઈના ભાગને પચાવી પાડવો ન જોઈએ. જેનું જે હોય તે તેને જ આપી દઈએ એ જ પ્રામાણિકતા છે, એ જ ભક્તપણું છે ને એમાં ભગવાનનો રાજીપો છે. આપણે સમજીને ભાગ આપી દઈએ તો ભગવાનને મહેનત ન કરવી પડે. અણહકનું ક્યારેય લેવું ન જોઈએ. કેમ જે, તે ક્યારેય આપણું થતું નથી અને જે આપણું ગાંઠનું હોય તેને પણ લઈને જાય ને આબરૂ જાય. માટે મહારાજને રાજી કરવા પ્રામાણિકતા રાખી ભગવાનને સાક્ષી જાણીને ભગવાનથી ડરીને વ્યવહાર કરીએ તો ભગવાન રાજી થાય.

# સત્સંગ સમાચાર

## સર્વ ઉપદ્રવ શમનાર્થે ૪૦ દિનાત્મક શ્રીહરિયાગ-૪, કુંડળધામ



૪૦ દિવસીય શ્રીહરિયાગ-૪ની પૂર્ણાહુતિનું બીડું હોમતા પ.પૂ.મહારાજશ્રી તથા પૂ.ગુરુજી આદિ સંતો

શ્રીહરિયાગ-૪નો શુભારંભ





પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણાથી સમાજ અને દેશ-વિદેશમાં ત્રિવિધ તાપોથી પીડાતા અનેક ભાવિક ભક્ત જનોને સુખ-શાંતિ થાય તેમજ ભગવાન રાજી થાય તેવા શુભ આશયથી શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામને આંગણે **તા.૦૪/૦૪/૨૦૨૫ થી તા.૧૩/૦૫/૨૦૨૫ સુધી ૪૦ દિવસીય 'સર્વ ઉપદ્રવ શમનાર્થે પંચકુંડી શ્રીહરિયાગ-૪'**નું દિવ્ય ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

તા.૦૪/૦૪/૨૦૨૫ના રોજ સવારની કથા બાદ વહાલા મહારાજને લઈને પૂ.દયાળુ સ્વામી તથા સંતો-ભક્તો વાજતે-ગાજતે કથાસ્થળ સ્ટેજકુટિરેથી યજ્ઞશાળા પધાર્યા હતા. અહીં પૂ.દયાળુ સ્વામી અને પૂ.ભાવિલા સ્વામીએ યજ્ઞશાળાની રીબીન કટિંગ કરી શ્રીફળ વધેરીને સૌએ યજ્ઞશાળામાં પ્રવેશ કર્યો. ત્યારબાદ યજ્ઞના ઋત્વિજ શ્રીભરતભાઈ શુક્લ વગેરે ભૂદેવોએ વેદોક્તવિધિ દ્વારા શ્રીહરિયાગનો શુભારંભ કરાવ્યો હતો.

શ્રીભરતભાઈ શુક્લ અને તેમની ટીમના તમામ બ્રાહ્મણોએ તથા સત્સંગી ભૂદેવોએ ખૂબ ભાવ, શ્રદ્ધા અને ઉમંગથી શાસ્ત્રોક્તવિધિ અનુસાર અલગ અલગ શાસ્ત્રોના મંત્રોચ્ચાર સાથે યજ્ઞનારાયણને આહુતિઓ આપી હતી. જેમાં **સર્વમંગલ સ્તોત્ર દ્વારા ૨૫,૮૬,૪૦૪; જનમંગલ સ્તોત્ર દ્વારા**

INDEX

**૯,૧૩,૪૬૪; ભક્તચિંતામણિ દ્વારા ૪,૩૫,૩૬૧; વિશ્વમંગલ સ્તોત્ર દ્વારા ૩,૩૮,૫૮૦; યોગીવર્ય સદ્.શ્રીગોપાળાનંદ સ્વામીકૃત બીજમંત્ર દ્વારા ૩,૬૫,૫૭૦; હરિસ્મૃતિ દ્વારા ૯૪,૭૪૦; પુરુષોત્તમકવચ સ્તોત્ર દ્વારા ૩૨,૯૮૯; શ્રીહરિકવચના માધ્યમે ૧,૩૧,૧૧૦; વંદુંના પદના માધ્યમે ૭,૪૮૮; શ્રીજીચાલીસા દ્વારા ૯૧,૯૩૦; અને શિક્ષાપત્રીના માધ્યમે ૩૨,૧૫૭;** આમ મળીને **કુલ ૫૦,૨૯,૭૯૩ આહુતિઓ યજ્ઞનારાયણને અર્પણ કરાઈ હતી.**

આ પંચકુંડી શ્રીહરિયાગમાં રોજની ૪-૪ પાળીમાં થઈને **કુલ ૧૫,૪૩૮ ભક્તો**એ લાભ લીધો હતો. તેમજ વિદેશના ભક્તોએ પણ વર્ચ્યુઅલી zoom દ્વારા લાભ લીધો હતો.

**જ્યારે ભક્તો આ યજ્ઞનો લાભ લેતા હતા ત્યારે મહારાજ તેમને અલૌકિક સુખનો અહેસાસ કરાવતા હતા. વળી, આ યજ્ઞનો લાભ લીધા બાદ અનેક યજ્ઞાર્થીના મનોરથો પ્રભુએ પૂરા કર્યા હતા. તેમાં કેટલાકને તો અણધાર્યો બહુ જ મોટો લાભ થયો હતો.**

આ શ્રીહરિયાગ અંતર્ગત તા.૧૧/૦૫/૨૦૨૫ના રોજ કુંડળધામ ખાતે **બટુકભોજન** અને તા.૧૨/૦૫/૨૦૨૫, વૈશાખ સુદ પૂર્ણિમાના પવિત્ર દિવસે **બ્રહ્મચોરાશી**નું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૫૧૩ બ્રાહ્મણોએ ભોજન-પ્રસાદનો લાભ લીધો હતો.

તા.૧૩/૦૫/૨૦૨૫ના રોજ આ શ્રીહરિયાગની પૂર્ણાહુતિ પ્રસંગે વડતાલધામથી પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજ તથા પ.પૂ.શ્રીદેવપ્રકાશદાસજી સ્વામી-મુખ્ય કોઠારીશ્રી પધાર્યા હતા. પ.પૂ.મહારાજશ્રી, પ.પૂ.ગુરુજી, પ.પૂ.શ્રીદેવપ્રકાશદાસજી સ્વામી અને












પૂ.સંતોના સાંનિધ્યે બીડું હોમી વહાલા રાજાધિરાજ મહારાજની આરતી ઉતારી આ ૪૦ દિવસીય પંચકુંડી શ્રીહરિયાગની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. ત્યારબાદ પ.પૂ.શ્રીદેવપ્રકાશદાસજી સ્વામી, પ.પૂ.ગુરુજી તથા પ.પૂ.મહારાજશ્રીએ રૂડા આશીર્વચન પાઠવ્યા હતા.



zoom દ્વારા વર્ચ્યુઅલી લાભ લેતા વિદેશના ભક્તો

પૂર્ણાહુતિ પ્રસંગે યજ્ઞશાળાએથી વહાલા રાજાધિરાજને લઈને પૂ.ગુરુજી, પૂ.સંતો અને હરિભક્તો સૌ વાજતે-ગાજતે ઢોલ-નગારાના સથવારે ધૂન-કીર્તન કરતાં ઉતાવળી ગંગાના આરે પહોંચી સૌના પ્રાણાધાર વહાલા રાજાધિરાજ મહારાજનો અભિષેક કર્યો હતો. અંતમાં ઉપસ્થિત સૌ સંતો-ભક્તોએ પૂ.ગુરુજી સાથે અવભૃથ સ્નાન કરી આ દિવ્ય અને અલૌકિક શ્રીહરિયાગના સંસ્મરણોને સંભારતાં સંભારતાં મહાપ્રસાદ લઈ ધન્ય બન્યા હતા.



બ્રહ્મચોરાશી



બટુકભોજન



અવભૃથ સ્નાન

## ● પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ એવં શીલાન્યાસ વિધિ-શ્રીસ્વામિનારાયણ મંદિર, ધોરાજી





પ.પૂ.સદ્.પુ.શ્રીમોહનપ્રસાદદાસજી સ્વામીની પ્રેરણાથી શ્રીસ્વામિનારાયણ મંદિર, ધોરાજી મંદિરમાં બિરાજતા શ્રીસ્વામિનારાયણ ભગવાન, શ્રીરાધાકૃષ્ણ દેવ તેમજ વહાલા શ્રીઘનશ્યામ મહારાજના ૪૧મા પાટોત્સવ પ્રસંગે તા.૦૧/૦૫/૨૫ થી ૦૫/૦૫/૨૫ દરમ્યાન ‘પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ’નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ પારાયણના વક્તાપદે પ.પૂ.શા.સ્વામી અચલસ્વરૂપદાસજી (ગુરુ : પ.પૂ.સદ્.શ્રીપ્રભુચરણદાસજી સ્વામી, વેડરોડ-સુરત) અને પ.પૂ.શા.સ્વામી સત્સંગસાગરદાસજી (ગુરુ : પ.પૂ.સદ્.શ્રીનિત્યસ્વરૂપ દાસજી સ્વામી, સરધારધામ) એ વ્યાસાસને બિરાજી પોતાની રસાળ શૈલીમાં ‘શ્રીમત્ સત્સંગિજીવન’ ગ્રંથની કથાનું રસપાન કરાવ્યું હતું.

આ પાવન પ્રસંગે તા.૦૨/૦૫/૨૫ના રોજ પ.પૂ.ગુરુજીએ પધારી વ્યાખ્યાનમાળામાં ‘મારે મોહન સંગ મેળાપ... વાલપ વાધી છે’ એ પદ વિવેચનના માધ્યમે અખંડ હરિસ્મરણ અને માહાત્મ્યે સહિત નિશ્ચયના પ્રતાપની અનોખી વાતો દ્વારા ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને શ્રીહરિમાં જોડી દર્શન-આશીર્વચનનો લાભ આપ્યો હતો. વળી, આ જ્ઞાનયજ્ઞ અંતર્ગત નૂતન સભામંડપ તેમજ શ્રીઠાકોરજીના નૂતન રસોડાના શીલાન્યાસ વિધિનું પણ વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ કથા અંતર્ગત ઘનશ્યામ જન્મોત્સવ, ગાદીપટ્ટાભિષેક વગેરે પ્રસંગો સુંદર રીતે ઊજવવામાં આવ્યા હતા. ઉપરાંત સર્વદેવોનો કેસરજળથી અભિષેક, મહાપૂજાયજ્ઞ, અન્નકૂટ વગેરેના દર્શનનો પણ ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને લાભ મળ્યો હતો.

આ સમગ્ર પારાયણના યજમાનપદની સેવાનો લાભ પ.ભ.શ્રીઅલ્પેશભાઈ રમણિકભાઈ વાગડિયાએ લીધો હતો.

## ● છઠ્ઠો વાર્ષિક પાટોત્સવ એવં ભૂમિપૂજન-શ્રીસ્વામિનારાયણ મંદિર, સિલ્વર ચોક-સુરત






પ.પૂ.સદ્.શ્રીભક્તિસંભવદાસજી સ્વામીની પ્રેરણાથી તા.૧૮/૦૫/૨૦૨૫ થી તા.૨૫/૦૫/૨૦૨૫ દરમિયાન શ્રીસ્વામિનારાયણ મંદિર, સિલ્વર ચોક-સુરત નિજમંદિરમાં બિરાજમાન પ્રાણ પ્યારા લટકાળા શ્રીઘનશ્યામ મહારાજના છઠ્ઠા વાર્ષિક પાટોત્સવ અંતર્ગત ‘શ્રીસ્વામિનારાયણ ચરિત્ર કથા’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે પ.પૂ.શ્રીહરિકૃષ્ણદાસજી સ્વામી તથા પ.પૂ.શા.શ્રીહરિસ્વરૂપદાસજી સ્વામી; આ બંને સંતોએ વ્યાસાસને બિરાજી પ્રભુના લીલા ચરિત્રરૂપ કથાગંગામાં સૌને ભીંજવ્યા હતા.

આ દિવ્ય પ્રસંગે તા.૨૩/૦૫/૨૦૨૫ના રોજ પૂ.ગુરુજીએ પણ પધારી ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને કથા-વાર્તાના માધ્યમે શ્રીહરિનો મહિમા સમજાવી દર્શન-આશીર્વચનનો લાભ આપ્યો હતો. ઉપરાંત આ મહોત્સવમાં વહાલા લટકાળા શ્રીઘનશ્યામ મહારાજનો દિવ્ય અભિષેક, ભવ્ય અન્નકૂટ, હરિયાગ યજ્ઞ વગેરેના આયોજન દ્વારા સૌ સંતો-ભક્તોને દર્શનનો લાભ મળ્યો હતો.

આ પાટોત્સવના યજમાનપદનો લાભ અ.નિ. લાલજીભાઈ સવસવીયા, અ.નિ.કુંવરબેન સવસવીયા; હસ્તે લીલાબેન અશોકભાઈ સવસવીયા પરિવારે લીધો હતો.

શ્રીઘનશ્યામ મહારાજના ૨૧ મા પાટોત્સવ પ્રસંગે...

# પંચદિનાત્મક સત્સંગ જ્ઞાનયજ્ઞ




તા. ૧૪ થી ૧૮ મે, ૨૦૨૫
વૈશાખ વદ-૨ થી વૈશાખ વદ-૬




અભિષેક

WATCH VIDEO











પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામની પ્રેરણાથી **શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા** નિજ મંદિરમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજ તથા શ્રીરાધાકૃષ્ણ દેવ અને શ્રીલક્ષ્મીનારાયણ દેવ આદિક દેવોના **૨૧મા પાટોત્સવ પ્રસંગે** તા.૧૪/૦૫/૨૦૨૫ થી તા.૧૮/૦૫/૨૦૨૫ સુધી **'પંચદિનાત્મક સત્સંગ જ્ઞાનયજ્ઞ'**નું અનુપમ આયોજન કરવામાં આવ્યું હતું.

**આ જ્ઞાનયજ્ઞની પૂર્વસંધ્યાએ ૨૧મા પાટોત્સવ અંતર્ગત વડોદરાના ભક્તોએ ૨૧ પદયાત્રા, ૨૧ પ્રભાતફેરી, ૨૧ સંધ્યાફેરી, મંગળગીત, ધૂન વગેરે ભજન કરી વહાલા ઘનશ્યામ મહારાજને રાજી કર્યા હતા.**

તા.૧૪/૦૫/૨૦૨૫ના રોજ બ્રાહ્મમુહૂર્તમાં લાડલા પ્રીતમ પ્રાણ એવા વહાલા શ્રીઘનશ્યામ મહારાજની મંગળા આરતીનો સૌ સંતો-ભક્તોએ અનેરો લાભ લીધો. ત્યારબાદ પૂ.ગુરુજીએ એ મંગળા આરતીની દિવ્ય દીપશીખા વડે જ અખંડદીપને પ્રજ્વલિત કરી આ જ્ઞાનયજ્ઞ દરમિયાન ચાલનાર **૧) અખંડ દંડવત, ૨) અખંડ મંત્રલેખન, ૩) અખંડ પ્રદક્ષિણા અને ૪) અખંડધૂન;** આ ૪ પ્રકારના ભજનના પ્રકલ્પોનેને ખૂલ્લા મૂક્યા હતા. જેમાં અખંડધૂનનો પ્રારંભ પૂ.ગુરુજી દ્વારા અને બીજા પ્રકલ્પોની શરૂઆત પૂ.સંતો દ્વારા થઈ હતી. પછી વહાલા ઘનશ્યામ મહારાજના ૨૧મા પાટોત્સવના પરમ પવિત્ર દિવસે ષોડશોપચાર વિધિથી વહાલા ઘનશ્યામ મહારાજનું પૂજન થયા બાદ પૂ.ગુરુજી અને વહાલા સંતોએ ફળોનાં વિવિધ જ્યૂસ, દૂધ, સાકર, મધ, દહીં, કેસરજળ અને પુષ્પપાંખડીઓથી અભિષેક કર્યો હતો. એ **દિવ્ય અલૌકિક અભિષેક**નાં દર્શન અને અભિષિપ્ત પ્રસાદનો લાભ લઈ સૌ ધન્ય બન્યા હતા.



અખંડ મંત્રલેખન



અખંડધૂન



ત્યારબાદ સૌ સંતો-ભક્તો મુખ્ય કથામંડપમાં ગોઠવાઈ ગયા. પૂ.ગુરુજી પોતાના સેવનીય સ્વરૂપ એવા વહાલા શ્રીહરિકૃષ્ણ મહારાજને લઈને પૂ.સંતો સાથે કથામંડપમાં પધાર્યા. મુખ્ય કથામંડપનું સ્ટેજ જાણે કે ભવસાગરરૂપી સમુદ્રને પાર ઉતારવા વહાલા મહારાજ વિવિધ સામગ્રીઓ સાથે સજ્જ થઈને મુમુક્ષુઓની મદદ માટે તૈયાર હોય ! એવી અનેરી શોભા આપી રહ્યું હતું. જ્યાં પૂ.મુનિ બાપાએ યજમાન પરિવારના સૌ ભક્તો અને અન્ય વડીલ ભક્તોની સાથે રહી દીપ પ્રાગટ્ય કરી સત્સંગ જ્ઞાનયજ્ઞનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે પૂ.ભાવિલા સ્વામીએ મંગલ પ્રવચનનો લાભ આપ્યો હતો. આ સત્સંગ જ્ઞાનયજ્ઞમાં દરરોજ સવારમાં પ.પૂ.ગુરુજીએ વ્યાસાસને બિરાજી **‘શ્રીશિક્ષાપત્રીભાષ્ય’**ની કથાનું પોતાની આગવી શૈલીમાં રસપાન કરાવ્યું હતું. વળી, દરરોજ સાંજે પૂ.દયાળુ સ્વામીએ સદ્.શ્રીમાધવદાસજી સ્વામીકૃત **‘શ્રીહરિકૃષ્ણ લીલામૃતસાગર’**ની કથાનો અનેરો લાભ આપી સૌને પ્રભુપ્રેમમાં મસ્ત બનાવ્યા હતા. આજ રોજ વહાલા મહારાજનો પાટોત્સવ હોવાને કારણે ભાઈઓ અને બહેનો એમ બંને મંદિરમાં ઠાકોરજીને ભક્તોના હૈયાનો ભાવભીનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.






પ્રભાતફેરી



સંધ્યાફેરી







અખંડ પ્રદક્ષિણા

WATCH VIDEO

અન્નકૂટ



અખંડ દંડવત







## પ્રૌઢ-પૌઢા શિબિર-૭



વળી, આ જ્ઞાનયજ્ઞમાં બાળકો, યુવકો અને વડીલો એવાં તમામ આબાલ-વૃદ્ધ સત્સંગી ભાઈઓ-બહેનોને વિશેષ લાભ મળે તે હેતુથી **બાલ-બાલિકા શિબિર-૩૭, કિશોર-કિશોરી શિબિર-૯, પ્રૌઢ-પ્રૌઢા શિબિર-૭** જેવી વિવિધ સત્સંગ અને સંસ્કાર સિંચન શિબિરો, કાર્યકર સભા તથા રક્તદાન કેમ્પ જેવા સામાજિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ તા.૧૭ અને ૧૮ મે, ૨૦૨૫ આ બે દિવસ સ્પેશ્યલ **યુવા-યુવતી શિબિર-૧૭**નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ.દયાળુ સ્વામીએ યુવાનોને સુખી જીવનની ચાવી વિશે તેમજ આધ્યાત્મિક યાત્રામાં ૧૦૦ ગણી સ્પીડનું સિક્રેટ શું ? તેના વિશે ખૂબ

## બાલ-બાલિકા શિબિર-૩૭




## કિશોર-કિશોરી શિબિર-૯



## યુવા-યુવતી શિબિર-૧૭





## રાત્રી કાર્યક્રમ



જ સુંદર વાતો કરી હતી. ઉપરાંત પૂ.ગુરુજીએ પ્રશ્નોત્તરીના માધ્યમે સૌને ખૂબ જ બળભરી વાતો કરી હતી. વળી, રાત્રિ કાર્યક્રમમાં હળવી ક્ષણો, જ્ઞાન સાથે ગમ્મત તથા રાસ જેવા વિવિધ અને અદ્‌ભુત-અલૌકિક કાર્યક્રમનો લાભ લઈ હજારો ભક્તોનાં હૈયાં આનંદથી નાચી ઊઠ્યાં હતાં.

આ સમગ્ર પાટોત્સવના યજમાનપદની સેવાનો લાભ પૂ. ગુરુજીના કૃપાપાત્ર, નિર્માની, નિખાલસ અને સરળ એવા અમેરિકા સ્થિત પ.ભ.શ્રીમહેશભાઈ પરસોત્તમભાઈ પટેલ અને તેમના પરિવારે લીધો હતો.




## બ્લડ ડોનેશન કેમ્પ





## ચંદનના વાઘામાં શોભતા પૂ.ગુરુજીના સેવ્યસ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ

WATCH VIDEO
















ટપુ
આશરો
વિશ્વાસ




ઉપકાર કર્યાં મુજ પર, એના ગુણ હું વિસારું છું


પ્રેમી જનને વશ પાતળીયો
સ્મરણ
હે મહારાજ નજર રાખિયો...
વાલમ
વાલમ








વાલા









ચંદનના વાઘામાં શોભતા વડતાલવાસી
શ્રીહરિકૃષ્ણ મહારાજ



ચંદનના વાઘામાં શોભતા ગઢપુરવાસી
શ્રીગોપીનાથજી મહારાજ